# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૪-B તા.૦૬-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે **National Education Policy 2020** અંતર્ગત **2030** સુધીમાં પ્રિ-શાળા (પૂર્વ પ્રાથમિક)થી માધ્યમિકનો **100% Gross Enrollment Ratio** કરવા સુધીનો ધ્યેય સિદ્ધ કરવા તેમજ શાળા છોડી ગયેલા ડ્રોપઆઉટ બાળકોને ઓળખીને તેઓને શિક્ષણ પ્રણાલીમાં પરત લાવવાનું છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા શૈક્ષણિક વર્ષ **2021-22** થી **UDISE+** યુ-ડાયસના તમામ મોડ્યુલ અંતર્ગત **Profile & Facility, Teacher and Student Module (promotion / Progression)** એમ **3**(ત્રણ) **Module** માં પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૮ સુધીના ધોરણ ધરાવતી તમામ શાળાઓના વિદ્યાર્થીઓના નામ સહિતની વિગતોની ઓન લાઈન એન્ટ્રી શાળાઓના લોગીનથી કરવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં **Student Module**માં ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં **Promote** કરવાના રહેશે જ્યારે પૂર્વ પ્રાથમિક (જુનિયર કે.જી ,સિનીયર કે.જી અને બાળ વાટિકા) તથા ધોરણ ૧ માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવાની રહેશે.

સમગ્ર શિક્ષા યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ **U-DISE**ની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત **RTE** અધિનિયમ ૨૦૦૯ ની કલમ-**12.1** (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનો બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામૂલ્યે પ્રવેશ આપવાની પ્રક્રિયામાં, **NMMS- National Means Cum Merit Scholarship Scheme Exam** અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભરતા વિદ્યાર્થીઓના ફોર્મમાં શાળાનો **U-DISE** કોડ ફરજીયાત છે તેમજ શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં શિક્ષકોના અનુભવનો આધાર તરીકે માત્ર **UDISE**ના વર્ષવાર શિક્ષક રેકર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે.

શિક્ષણનો અધિકાર(RTE)- અધિનિયમ ૨૦૦૯ ની કલમ -૧૨ (૩) તથા ગુજરાત રાઇટ ટુ એજ્યુકેશનના રુલ્સ ૨૦૧૨ મા નિયમ-૧૩(૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ–ર ના નમુના–ર ની શરતોની શરત-૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાએ આ માહિતીની શાળાના લોગીનથી ઓન લાઇન એન્ટ્રી કરવી ફરજિયાત છે. આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોધણી **UDISE+** અંતર્ગત થવી જરૂરી છે.

તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાના (વોર્ડ) ક્લસ્ટરના યુ.આર.સી / સી.આર.સી કો.ઓ નો સંપર્ક કરી પોતાની શાળાનો યુઝર તથા પાસવર્ડ મેળવી **https://udiseplus.gov.in** પર મોડ્યુલ આપેલા છે જેમાં **Student Module (promotion/Progression)** માહિતીની ઓનલાઇન એન્ટ્રીતા.૩૧/૦૮/૨૦૨૪ સુધી તથા **Profile & Facility, Teacher Module** માહિતીની ઓનલાઇન એન્ટ્રી તા.૧૫/૦૯/૨૦૨૪ સુધી સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

સદર ડાયસ ફોર્મ અંગેની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે. તમામ શાળાઓએ કરેલ ઓનલાઇન એન્ટ્રી કરેલ યુ-ડાયસ ફોર્મના મોડ્યુલ સમય મર્યાદામાં હાર્ડકોપીમાં મુખ્ય શિક્ષકશ્રી સહી-સિક્કા સાથે જે તે ક્લસ્ટરના સી.આર.સી ને જમા કરાવવાનું રહેશે.

તા.૦૬-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી